**<u>ફો.પ.અરજી નં.૪૨/૨૦૨૬</u>**

**–:: રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૧૪/૨૦૨૬ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::–**

---

(૧) અરજદાર **બડવા કારા ઉર્ફે મનસુખ ભલુ ઉર્ફે અરજણ**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. અરજદારે પોતાની માલિકીની **એક ભેંસ ચાર વર્ષની** કે જે રાણાવાવ પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૧૪/૨૦૨૬** નાં કામે **પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(બી), ૧૧(૧) વિગેરે** મુજબના ગુનાના કામે કબ્જે કરેલ છે તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. તેમજ અરજદારે સદરહુ મુદામાલ પોતાની માલિકીની હોવા બાબતે **આધાર કાર્ડ**ની ઝેરોક્ષ નકલ તથા **ઢેબર ગ્રામ પંચાયતનો દાખલો** રજુ કરેલ છે.

(૨) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો તથા અરજદારના વિ.વકીલશ્રીની રજુઆતો સાંભળી તેમજ અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓમાં **ઢેબર ગ્રામ પંચાયતનો દાખલો** વંચાણે લેતાં, અરજદારની માલિકીની ભેંસ હોય જે તેઓ મોડપર વાડીએ લઈ જવા માટે આરોપીને આપેલ હોવાનું જણાઈ આવે છે. જયારે ત.ક.અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં, તેઓએ ભેંસ અબોલ પશુજીવને યોગ્ય દેખભાળની જરૂરીયાત હોય જેથી અરજદાર યોગ્ય સંભાળ રાખવાની બાંહેધરી આપે તો મુદ્દામાલ સોંપવા તેમનો અભિપ્રાય થતો હોવાનું જણાવેલ છે. વધુમાં, હાલના કામે ગુનાની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના **જી.એલ. એચ. ૨૦૦૩ (।) પાના નં. ૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.ધી સ્ટેટ ઓફ ગુજરાત**ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહુ મુદામાલ શરતોને આધીન અરજદાર ને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દ્રષ્ટિએ ન્યાયીક, યોગ્ય અને વ્યાજબી જણાય છે. પરિણામે ન્યાયના વિશાળ હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

આ કામના અરજદારની હાલની મુદ્દામાલ અરજી **મંજુર** કરવામાં આવે છે.

આથી **રાણાવાવ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૧૪/૨૦૨૬ નાં** કામે કબ્જે લીધેલ મુદ્દામાલ **એક ભેંસ ચાર વર્ષની** છે તે મુદામાલ પાવતીમાં બતાવેલ રકમ કરતાં દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા પોલીસ સ્ટેશનમાં આપ્યેથી મુદ્દામાલ વચગાળાના તબકકે નીચેની શરતોને આધીન **અરજદાર બડવા કારા ઉર્ફે મનસુખ ભલુ ઉર્ફે અરજણ નાંઓને** પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :-</u>

(૧) અરજદારે મુદ્દામાલ ભેંસ કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઈને વેંચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવી-કરાવવી નહિ. તેમજ ભેંસની યોગ્ય સાર-સંભાળ અને દેખરેખ રાખવી.

(૨) મુદ્દામાલ ભેંસનો કોઈ પણ રીતે ગુન્હાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહિ તેમજ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે રજુ કરવુ.

(૩) મુદામાલ ભેંસના ત્રણ અલગ અલગ એન્ગલથી કલર ફોટોગ્રાફ અરજદારના ખર્ચે પડાવી તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટમાં રજુ રાખવા.

(૪) મુદામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ આ હુકમની એક પ્રત જરૂરી અત્રેની કોર્ટમાં રજુ રાખવા.

(૫) અરજદારે મુદ્દામાલ અંગે ચાલુ કેસ દરમ્યાન કોઈ વાંધો-તકરાર લેવાની રહેશે નહીં.

(૬) ઉપરોકત શરતોનુ અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે અને તે પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીએ તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે.

હુકમની શરતોની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ તારીખ ૨૭મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાણાવાવ
**Code No.-GJ01439**